


## સલામી સવારની..

અને પણ ઉશ્કેરણીનું કોઈ કારણ તો આપો !
ને પૂરાઈ જાય ડબ્બામાં, કોઈ મારણ તો આપો !
તારણ આપો આખા વિશ્વને કે પકડી લે કાન -
છોડી દે છમકલાં એવું કોઈ ભારણ તો આપો !
(હવે પાકિસ્તાનને બોધપાઠ આપવો જરૂરી છે)

હાઈકુ

જુઓ ન છિદ્રો
યત્ન કરો પ્રેમથી -
દેખાશે ચાંદ !!
(લ્યો! કડવા ચોથ - વન્સમોર)

છેડનાર નો
કાપી જ નાખો હાથ -
રાખો આબરું...
(બીજો ગાલ ને ધરાય)

### ચિંતન

*સડગચ્છધ્વં વદધ્વં સં વો મનાંસિ જાનતામ્ ।*
*દેવો ભાગં યથા પૂર્વે સંજાનાના ઉપાસતે ॥*

**હે, મનુષ્યો! તમે પરસ્પર હળીમળીને ચાલો, તમે પરસ્પર હળીમળીને વાર્તાલાપ કરો, તમે સો પરસ્પર હળીમળીને જ્ઞાનાર્જન કરો. જેમ પ્રાચીનકાળમાં ઉપાસકોએ અન્યોન્ય સ્નેહથી હળીમળીને દેવોની ઉપાસના કરી હતી, તેમ તમે સૌ એકમત થઈને ઉપાસના કરો.**

**સૌનો મંત્ર સમાન હો, સૌનું મિલન સ્નેહપૂર્ણ હો, સૌનાં મન અને ચિત્ત સમાન હો. સૌનું સમાન મંત્રથી અભિમંત્રણ થાઓ.**

**તમારા હૃદય સમાન હો, તમારા મન સમાન હો, જેથી તમે સૌ એક બનીને બધાં કાર્યો પરિપૂર્ણ કરી શકો. સંબંધોની સંવાદિતા સ્વસ્થ સમાજનો પાયો છે. વ્યક્તિઓના હૃદયમાં અન્યોન્ય પ્રતિ અને એકતા ન હોય તો સ્વસ્થ અને વિકસિત સમાજનું નિર્માણ થઈ શકે નહિ.**

### સુવિચાર

- તમે નવરા પડો ત્યારે તમારી જાતને વાંચો - **ઓશો**
- હું લોજિક વગર જીવી શકું પણ લાગણી વગર નહિ - **સુધિર દેસાઈ**
- સંસાર બુદ્ધિની ધૂરા પર નથી ચાલતો,
  મૂર્ખતા પણ અવિનાર્ય જરૂરિયાત છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- માણસ વગરના પૈસા કરતાં, હું પૈસા વગરનો માણસ પસંદ કરીશ - **શિવ ખેરા**
- વ્યવહારમાં સ્વમાન એ સદ્ગુણ કહેવાય અને અભિમાન દુર્ગુણ કહેવાય - **આપ્તસૂત્ર**
- નક્કી કરેલું જ્ઞાન એ 'જ્ઞાન' ના કહેવાય.
  નક્કી કરેલું જ્ઞાન એ 'સિદ્ધાંત' કહેવાય - **નીરુબેન અમીન**
- આજનું ઔષધ : પ્રભાકરવટીની ૨-૨ ગોળી સવાર-સાંજ દૂધની સાથે લેવાથી હૃદયરોગમાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જૈન ભિખ્ખુ લોકોને ધર્મની વાતો કરતા. શીલ અને સદાચાર ઉપર જોરદાર વ્યાખ્યાન કરે. પણ એમના અંગત જીવનમાં એ શીલ અને સદાચાર દેખાતો ન હતો. ભગવાન મહાવીરને આ વાતનો ડંખ રેહેતો હતો. એકવાર મહાવીરને જૈન ભિખ્ખુ જંગલમાં મળી ગયા. મહાવીરે કહ્યું, ધર્મલાભ 'જેન ભિખ્ખુએ તરત ગુરુપૂજનનો શ્લોક બોલી બતાવ્યો.' મહાવીરે પૂછ્યું 'ક્ષેમકુશળ ?' જૈનભિખ્ખુએ કહ્યું, 'હાજી.' મહાવીરે કહ્યું, 'આ પેલો ગોવાળ, ગાયો ચરાવે છે, તે ગાયોની ગણતરી કહતો હોય તો તેને ગાયોનો માલિક ગણી શકાય ખરો?' જૈન ભિખ્ખુએ કહ્યું, 'આ કેવી રીતે બની શકે પ્રભુ ?' ભગવાન મહાવીરે કહ્યું, 'શા માટે નહીં ?' જૈન ભિખ્ખુએ કહ્યું, 'પ્રભુ ! એ ગાયોના માલિક તો બીજા જ હોય છે.' ભગવાને કહ્યું, તો પેલો ગોવાળ ? 'જય ભિખ્ખુ' એ તો ગાયોની સંભાળ રાખનારો દાસ છે. એ ગાયોનો સ્વામી કેવી રીતે બની શકે ? મહાવીરે કહ્યું, 'માત્ર ધર્મસંહિતાઓનો પાઠ જ કરી આપ લોકોને વ્યાખ્યાન આપો છો એ ધર્મના ફળનો સ્વામી આપ બની શકશો ? ધર્મને શબ્દોથી જ નહીં જીવનવ્યવહારથી જ પામી શકાય.' જૈન ભિખ્ખુને મહાવીરની વાત હૈયા સોંસરવી ઉતરી ગઈ. એણે પોતાની ભૂલ સમજાઈ, એના હૈયામાં નવો પ્રકાશ થયો. એને નવજીવનનો શુભ પ્રારંભ કરાવ્યા એ જ દિવસે નિર્ણય કર્યો.

# 'ભારતરત્ન'ની માગણીમાં ભારે ઉછાળો

હવે વડાપ્રધાન માટે 'ભારત રત્ન' શિરોવેદન ન સર્જે તો જ નવાઈ. વીર સાવરકરને 'ભારત રત્ન' આપવાનો પ્રસ્તાવ ખુદ મહારાષ્ટ્ર પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં કરાયો છે અને રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા ચૂંટણી સભાઓમાં એનો 'સદુપયોગ' થયો છે. આથી દેખીતી રીતે જ આગામી છવ્વીસમી જાન્યુઆરીએ વીર સાવકરને આ સમ્માન કોંગ્રેસી નેતાઓને સિફતપૂર્વક પોતાના રાજકીય લાભ માટે વટાવી શકતા ભાજપના નેતાઓ સાવકરનું નામ લેતાં ખંચકાટ અનુભવતા હતા, કારણ કે ત્યાં તરત જ એમનું ગોડસે-કનેકશન અને ગાંધી હત્યાના કાવતરમાં કહેવાતી સામેલગીરી જવા મુદ્દાઓ આવી જતા હતા. એટલે વાજપેયી શાસન દરમિયાન કે 'મોદી-વન' દરમિયાન આ વાત નહોતી ચર્ચાઈ. હવે જયારે હિંદુત્વ મુદ્દો એ જીત અપાવી શકે એમ છે એની ખાતરી થઈ ચૂકી છે ત્યારે સાવરકરને 'ભારત રત્ન' અપાવવાના મુદ્દે એનડીએના જ જૂના સાથી શિવસેના અને ભાજપ વચ્ચે હોડ મચી છે. આ વાત આટલે અટકતી નથી. સાવરકરને 'ભારત રત્ન' આપી દઈ મોદી સરકાર નિરાંતનો શ્વાસ લઈ શકશે નહીં. એકાએક રાણી લક્ષ્મીબાઈથી લઈ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ અને અશફુલ્લાખાન 'ભારતરત્ન' ની દાવેદારી કરવા માંડ્યા છે ! એમના વંશઝો હિંદુત્વના નામે નહીં પણ દેશભક્તિના નામે 'ભારતરત્નથી પોતાનાં પ્રતાપી પૂર્વજોને સમ્માનિત

**તંત્રીસ્થાનેથી...**

થતાં જોવા આતુર છે. જો આ ટ્રેન્ડ ચાલુ રહ્યો છો છત્રપતિ શિવાજી, સાહૂ મહારાજ, રાણા પ્રતાપ, રઝિયા સુલ્તાના, કિત્તૂરની રાણી ચેન્મમાથી લઈ સયાજીરાવ ગાયકવાડ, ગોંડલના મહારાજા ભગવતસિંહજી અને ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી સુધીના રાજવંશીઓના વારસદારો સરકાર સમક્ષ પોતપોતાના પૂર્વજોને 'ભારતરત્ન' એવોર્ડથી સમ્માનિત કરવાની માગણી મૂકશે. કનૈયાલાલ મુનશીએ સોમનાથથી લઈ હૈદરાબાદના વિલય સુધીના પાયાની કામગીરી કરવા ઉપરાંત શ્રેષ્ઠ સાહિત્ય રચ્યું છે.ગોવર્ધનરામ ત્રિપાઠીએ દેશની પહેલી મહાનવલ રચી હતી. નર્મદે જનજાગૃતિનો ડાંડિયો પીટ્યો હતો. રવિશંકર મહારાજે બહારવટિયાઓનાં બહારવટાં છોડાવ્યા હતા. તદુપરાંત જેમની રાષ્ટ્રીય રાજસત્તાઓ સતત ઉપેક્ષા જ કરી છે એવા સંઘ સંસ્થાપક કેશવ બલિ હેડગેવાર, ગુરુ ગોળવલકર, કોંગ્રેસી હોવા છતાં કોંગ્રેસે જેમને હાંસિયે ધકેલ્યા હતા એવા લોકમાન્ય ટિળક : બોલો, આ દેશનાં નામોનો કાં તોટો છે ? 'ભારત રત્ન' મહાત્મા ગાંધીને પણ નથી અપાયું. કદાચ એની શરુઆત સર્વપલ્લી રાધાકૃષ્ણન અને સીવી રામન જેવી પ્રસિષ્ઠ પ્રતિભાઓથી લઈ હતી. એક 'કટ ઓફ ડેટ' તો નક્કી કરવી જ પડશે નહીંતર હૂંશીલા પ્રજાજનો તો ભગવાન રામ, પરશુરામ, કૃષ્ણ,ભીષ્મ અને બુદ્ધ-મહાવીરને પણ 'ભારતરત્ન' ની નવાજેશ કરવાની માગણી કરતા થઈ જશે! અને જો એમ જ થશે તો પછી નરેન્દ્ર મોદી અને અમિત શાહનો નંબર કયારે લાગશે ?

# વરિષ્ઠ નાગરિક કાયદો - ૨૦૦૭




સંતાનો સામે માતા પિતાનું બ્રહ્મશસ્ત્ર એટલે વરીષ્ટ નાગરિક કાયદો ૨૦૦૭ વૃધ્ધાશ્રમોમાં વેઈટીંગ ચાલી રહ્યું છે. માતા પિતાને આ સ્થિતિમાં પહોંચાડનાર સંતાનો સામે તંત્રએ કડક કાયદા ઘડયા છે પરંતુ માતા પિતા તેમની સામે આ બ્રહ્મશસ્ત્ર સમાજના ડરે ઉપાડતા નથી જેનો લાભ સંતાનો લે છે અને વૃધ્ધાશ્રમમાં લાઈનો લાગી છે. વૃધ્ધો માટે વરીષ્ટ નાગરિક કાયદો ૨૦૦૭ એ આર્શીવાદ રૂપ છે.

માતા પિતાનું ભરણપોષણ ના કરીને જવાબદારીમાંથી છટકી જતા સંતાનો સામે સરકારે ૨૦૦૭ માં માતા પિતા અને વરીષ્ટ નાગરિક કાયદો બનાવ્યો છે. આ કાયદા હેઠળ જેના સંતાનો માતા પિતાનું ભરણપોષણ કરતા ના હોય કે ઘરમાંથી કાઢી મુકતા હોય તેમની સામે પ્રાંત અધિકારી સમક્ષ ભરણપોષણની અરજી માતા પિતા કરી શકે છે. જેમાં કોઈ વકીલ કે એજન્ટની જરૂર નથી જો સંતાનો માતા પિતાને શારિરીક, માનસીક યાતનાઓ આપતા હોય ઉપરાંત માતા પિતાના નામની મીલ્કતો એનકેન રીતે પોતાના નામે, ખાતે કરી દિધી હોય તો તેનો ઉલ્લેખ અરજીમાં કરીને કલેકટર ઓફિસમાં અરજી આપવાની હોય છે. અરજી અંતર્ગત પ્રાંત અધિકારી અધિકારીને અરજદારને જેની સામે ફરીયાદ હોય તેવા તમામ સામાપક્ષને નોટીસ આપે છે અને હાજર રહેવાની તાકિદ કરે છે. ત્રણથી છ માસમાં અરજદારની અરજીનો નિકાલ થઈ જાય છે ત્યાં સુધી તેમને જયાં રહેતા હોય તે ઘરમાંથી સંતાનો કાઢી ના શકે તેવો ચુકાદો આપે છે.

સંતાતાનોને યોગ્ય દિશા બતાવનાર આ કાયદો છે. જેનાથી માતા પિતાને સહારો મળી રહે છે. ૮૦ ટકા સંતાનોને નવી પેઢીને માતા પિતાને પોતાનાથી દૂર કરવા વૃધ્ધાશ્રમમા પરાણે જવાની ફરજ પાડે છે જેમને પેન્શન ના મળતુ હોય અને દિકરા ઉપર આધારીત હોય તેમની સ્થિતિ દયાજનક બની જતી હોય છે કારણ કે ઘણાખરા વૃધ્ધાશ્રમો ટોકન ફી લઈને જ ભરતી કરતા હોય છે પરંતુ આજે માતા પિતા પોતાનો હક્ક સમજતા થયા છે કે સંતાનોને યોગ્ય દિશા બતાવવા અને પોતાનો હક્ક મેળવવા માટે કાયદાના સહારે જવાથી કોઈ જ નુકશાન થશે નહિ.

ફકત અમદાવાદમાં જ પાંચ વર્ષમાં ૨૦૧૪ માં ૧૪૪, ૨૦૧૫-૧૬૮, ૨૦૧૬ માં ૧૨૨, ૨૦૧૭-૧૪૧, ૨૦૧૮-૯૨ અને ચાલુ સાલમાં ૩૪ નવા કેસો જીલ્લા કલેકટરને આ કાયદા અંતર્ગત મળેલ છે. દુ:ખ એ વાતનું છે કે સમાજે સંવેદન શિલતા ગુમાવી દિધી છે. ફરજને બોજ સમજતા નવી પેઢીના સંતાનોને જો હક્ક જોઈતો હોય તો ફરજ બજાવતા પણ શીખવાડવું પડે. સયુકત કુટુંબ પ્રથા તુટતી જાય છે. માણસ પોતાના ઘરમાં જ મહેમાન બની ગયો છે. વૃધ્ધોની હાલત અસહય છે. એકનો એક દિકરો વિદેશ જતા રહેતા સારસંભાળ લેવાવાળા કોઈ નથી તેથી વૃધ્ધોએ પોતાના હક્ક મેળવવા માટે કયાયને કયાક કાયદાનો ના ઈલાજે, ના છુટકે સહારો લેવો પડે છે. તંત્ર વૃધ્ધોની દયા નહિ પણ તેમનો હક્ક છે તેવી રીતે કાયદાકિય રીતે અરજીનો નિકાલ સુખદ રીતે કરી સંતાનોને પાઠ ભણાવે છે.

ભરણપોષણના ઘણા બધા કેસો એવા હોય છે કે સમાજમાં મોભાદાર હોવાના નાતે ઓળખ છુપાવવી પડે છે કાયદાનો પ્રચાર પ્રસાર સંવેદનશીલ સરકારના કારણે થતા ત્વરીત ન્યાય મળે છે. મીડીયા પણ પોતાની સામાજીક નૈતિક જવાબદારી સમજી સંતાનોનો ઉધડો લેતા અચકાતી નથી વધુમાં વધુ ત્રણ મહિનામાં જ અરજીનો સુખદ નિકાલ કરાવી સંતાતોને તેમની ફરજનું ભાન પડાય છે અને પોતાના નામે કરેલ સંપત્તિ પણ માતા પિતાના નામે કરવાની ફરજ પડાય છે.

માતા પિતા પણ સંત્તાનો ઉપર આંધળો વિશ્વાસ મુકી પોતાની મરણમુડી તેમના નામે કરી નાખે છે પછી દિકરા અને વહુ આવા વૃધ્ધોને ઈગ્નોર કરે છે વાતે વાતે અપમાન કરી ક્ષોભજનક સ્થિતિમાં મુકે છે. શારિરીક, દુર્બળતાના કારણે ના સહિ શકે ના કહી શકે તેવો વૃધ્ધોનો ઘાટ થાય છે પાણી માથા ઉપરથી વહી જાય ત્યારે સમાજના તમામ બંધનો, શરમ છોડી આ સ્થિતિ સમાજની સામે મુકવી પડે છે અને સંત્તાનોને કાયદાનો ડર, ભય બતાવી પોતાની ફરજનું પાલન કરાવાય છે.

કલેકટર સીવાય નામદાર કોર્ટમાં પણ સી.આર.પી.સી. અંતર્ગત ભરણપોષણની અરજી કરી ફેમીલી કોર્ટમાં પણ વૃધ્ધો ન્યાય મેળવી શકે છે. ફેમીલી કોર્ટમાં લીગલ એઈડ દ્વારા મફત કાનુની માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. ચાલતા કેસમાં સામાજીક સંસ્થાના અગ્રણીઓને વચમાં નાંખી સમાધાનની ભુમીકા ભજવવા માટે તૈયાર કરવામાં આવે છે બન્ને પક્ષોનું કાઉન્સીલીંગ કરી સત્ય સમજાતા આજની પેઢી પોતાની ભુલ સ્વીકારે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનું વર્તન નહિ કરે માતા પિતા કે આશ્રીતોનું ભરણપોષણ, દાવાદારૂ, કપડાલત્તા સારી રીતે કરી માન સન્માન આપશે તેવી ખાતરી આપે છે. વરિષ્ટ નાગરિક કાયદો ૨૦૦૭ વૃધ્ધો માટે આર્શીવાદ સ્વરૂપ છે.

# દીપ જલે જો ભીતર સાજન, રોજ દિવાલી આંગન

'દીપ જલે જો ભીતર સાજન,
રોજ દિવાલી આંગન.
કાચું કોડિયું વાત આ જાણે,
પરમ પુનિત ને પાવન.'

દિવાળીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. કેટલાકને દિવાળીની સફાઈ કયારનીયે થઈ ગઈ છે અને કેટલાક છેલ્લી ઘડી સુધી બધું સાફસૂફ કર્યા જ કરવાનો સ્વભાવ ધરાવે છે. દિવાળીએ આપણા માટે સૌથી મોટો મહોત્સવ. અન્ય દેશોની સરખામણીમાં આપણે ત્યાં તહેવારો, તહેવારોની ઉજવણી બને તેની પાછળ રહેલા કારણમાં અપાર વૈવિધ્ય રહેલું છે. દેશમાં જુદા જુદા ભાગમાં એક જ તહેવારની વિવિધ રીતે ઊજવણી થતી હોય અને એ પણ એકસરખા જોમ-જુસ્સા અને ઉત્સાહથી એવું તો સંવેદનાથી છલોછલ છલકાતા આપણા આ પ્રેમાળ ભારત દેશમાં જ સંભવે.

સમયાંતરે ઘણી-બધી બાબતોમાં પરિવર્તન આવ્યું તેમ આ તહેવારોની ઊજવણીની બાબતમાં પણ અનુભવાયું છે. કયાંક થોડો દેખાડો ને ઝાકઝમાળ વધી અને કયાંક વળી સંવેનાઓમાં કમી પણ આવી. ખરીદી, ખાણી-પીણી અને સાજશણગારમાં પણ તેજી-મંદીની અસર અનુસાર ફેરફાર આવ્યા. પરિવર્તન એ સૃષ્ટિનો નિયમ છે. એમ માનીને આપણે આ ફેરફારને સ્વીકારી પણ લીધો. દીવાળીના દિવસે ઘરમાં દીવા ન થાય તો અપશુકન થાય એવી માન્યતા ધરાવનાર વડીલો સમયને માન આપીને નવી પેઢીની દિવાળીની રજાઓમાં ફરવા જવા દેવા રજા આપતો પણ થયો. આજના આ ફાસ્ટ યુગમાં પતિ-પત્ની બંને કામ કરતા હોય અને બાળકો પર ભતરર, ટ્યુશન અને



અન્ય ઈત્તર પ્રવૃત્તિનો બોજ હોય ત્યારે માંડ મળતી એક સામટી આટલી રજાઓનો સદ્પયોગ કરવા એકબીજા સાથે સમય ગાળવા તત્પર એવા બાળકોને બહાર ફરવા જવા દેવાની છૂટ આપી વડીલો તેમના સાચા અર્થમાં 'મોટા' અને 'સમજદાર' હોવાનું પ્રમાણ આપી દેતા હોય છે! જો કે ફરવા જવાના સ્થળોએ ભીડ કે ભાવવધારાના પ્રશ્નો એ આખો એક અલગ મુદ્દો છે!




દિવાળીને જયારે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે સાફ-સફાઈ, ખરીદી, સાજ-શણગાર આ તમામમાંથી કંઈક પણ રહી જાય તો આપણે એકદમ 'સ્ટ્રેસ' અનુભવવા લાગીએ છીએ. તહેવારો એ જીવનને તનાવમુક્ત રાખવા માટે આવે છે એના બદલે જો મળીયા સાફ કરવાના રહી જાય કે કોઈ એક કબાટ સાફ ન થઈ શકે કે સમયના અભાવે નવા તોરણ લેવા ન જવાયું તો એનો 'સ્ટ્રેસ' શા માટે કરવો ? ઘરમાં કોઈ બિમાર હોય, ઘરમાં નાનું બાળક કે પથારીવશ વૃદ્ધ સ્વજન હોય કે પછી ઓફિસમાં છેલ્લા-દિવસ સુધી કામ હોય કે પછી કામવાળા બહેનના બાળકને કંઈ થયું હોય તો આવા આ નાજુક સમયે આપણી આસપાસના આ સંબંધની કાળજી લેવી એ શું દિવાળીના ઉત્સવની ઊજવણી કરતાં વધુ હોઈ શકે ? આપણે એટલી સંવેદના કે અનુકંપા ન દાખવી શકીએ કે કોઈ કારણોસર આ સફાઈ કે અન્ય વસ્તુ રહી ગઈય છે તો દિવાળી પછી કરીશું ? પાડોશીના ત્યાં કે સગાં-વહાલાંના ત્યાં થયું માટે આપણે ત્યાં થવું જ જોઈએ એ કેટલે અંશે સમજણભર્યું ગણાય ?

દિવાળીનો ઉત્સવ એ તો આંતરિક ઉજાસનો ઉત્સવ છે અને તેમાં બાહ્ય ઝાકઝમાળ ભળે એનો વાંધો ચોક્કસપણે ન હોય પરંતુ, અંતરને ખૂણે જો અંધકાર હશે તો ઘરની સાફસફાઈ કે અવનવી વાનગીઓ સ્વાદ આરોગવાનો આનંદ માણી શકાશે ખરો ? આ તહેવાર એ સાથ અને સહકારનું પ્રતિક છે માટે કુટુંબ કે પરિવારની એકતા પર વધુ ધ્યાન આપી સંબંધોની મીઠાશ કેમ જાળવવી એ બાબત પર વધુ ભાર મૂકી શકાય તો મીઠાઈ બહારથી લાવેલી હશે તો પણ એનો સ્વાદ એક અનેરી મીઠાસ પ્રસરાવી શકશે. દિવાળીના આ તહેવારે સંવેદના અને સકારાત્મક ઉર્જાનો પ્રસાર વધુ થશે. તો ઘરનો એકાદ ખૂણો સાફ કરવાનો રહી ગયો હશે તો પણ ચાલી જશે ! માટે આવો સૌ સાથે મળીને આ તહેવારને દીપાએ !

**Last Seen :**

"દિવાળીની સફાઈ હવે ચાલુ કરી દે,
ચાલ આ વર્ષે કંઈક અલગ જ કરી દે.
કલર લાગણીનો ઉખડતો જાય છે,
આ વર્ષે જરા વધુ પાકો કરાવી દે."

- nehalgadhavi101@gmail.com

# સરળ બની વિચરે એ જગમાં, શ્વેત વસ્ત્ર સંન્યાસી!

એનાં કદમ પર કાશી,
એનાં દર્શન પાપવિનાશી,
એનાં કદમ પર કાશી !
શુદ્ધ સ્વસ્થ જીવન છે એનું,
સ્વલ્પ નહીં આભાસી
સરળ બની વિચરે એ જગમાં,
શ્વેત વસ્ત્ર સંન્યાસી!

ઑક્ટોબર મહિનો એની ઐતિહાસિક મહત્તાને લીધે દીપ્તિવંત છે! ઑક્ટોબર માસમાં અવતરેલી ત્રણ વિર વિભૂતિઓ એટલે પૂ. મહાત્મા ગાંધી, લાલબહાદુર શાસ્ત્રી અને પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી... એમાંયે બૂ. બાપુ અને પૂ. દાદાજી - આ બંનેનાં કર્મો આકાશ જેટલા વ્યાપક છે અને એ વ્યાપકતાને પહોંચવાનું મારું શું ગજું !!

દોસ્તો, ગાંધીજીનું તે વખતનું કાર્ય અને કાર્યપદ્ધતિ પ્રત્યક્ષ જોવાનું સદ્ભાગ્ય મને મળ્યું નથી.પરંતુ તેમના વિશે મેં જે કંઈ વાંચ્યુ તેમજ ગાંધી શિક્ષણની ઉત્તરબુનિયાદી શાળામાં માધ્યમિક શિક્ષણના પ્રત્યક્ષ અનુભવે જે જોયું... સમજાયું... સાંભળેલું એ જ મારું ગાંધીદર્શન. જયારે પૂ. દાદાજીના સ્વાધ્યાય કાર્યના વિધવિધ પ્રયોગો જોવાનો સુઅવસર સાંપડ્યો. જેના થકી ઘણી બધી શંકાઓનું નિરસન થયું. અને હું એવું દૃઢપણે માનું છું કે પૂ. બાપુ જયાં અટકયા ત્યાંથી પૂ. દાદાજી ભક્તિની બેઠક પર આગળ વધ્યા... મને વિશ્વાસ છે કે ઋષિપ્રણિત સ્વાધ્યાયની વિચારધારા જ વિનાશના પંથે ઘસડાતા રાષ્ટ્રને ઉગારી શકાશે.

મિત્રો, ગાંધી બાપુનું જીવન તો એક યજ્ઞ સમું હતું. બાળપણમાં ના સમજ ઉંમરે થઈ ગયેલી સાહજિક ભૂલોની કબૂલાત અને ફરીથી ન થાય એ માટેના સભાનતા ભર્યો સંકલ્પ એમને 'મોહન' માંથી 'મહાત્મા' બનાવે છે. તેમનું વ્યક્તિત્વ અત્યંત ગતિશીલ, નિર્મોહી અને નિર્મળ હતું. ખુલ્લામનના સત્યશોધકને છાજે એવી નમ્રતા અને વિનોદવૃત્તિ એમના સ્વભાવમાં જોવા મળે છે. પૂ. બાપુનું સમગ્રજીવન સાદગી, સંયમ, ચોકસાઈ, ચીવટ, સ્વચ્છતા, નિયમિતતાનો પર્યાય હતું. દીનજનોની કંગાલિયત નિહાળી દેહ પર માત્ર વણેલું ખાદીનું એક વસ્ત્ર ધારણ કરી પોતડીભેર જીવનારા મહાત્માજી સાચે જ 'રાષ્ટ્રપિતા' ના નામે ઓળખાયા. આવા પારદર્શી મહામાનવે કહ્યું હતું, 'મારું જીવન એ જ મારો સંદેશ.' ખાદી અને રેંટિયા વડે સ્વાવલંબી થવાનો માર્ગ સુઝાડ્યો... સત્ય અને અહિંસાના માર્ગે ચાલી સ્વરાજયાત્રાને સફળ બનાવી... સમગ્ર દેશમાં ખૂણે ખૂણે અનેક નામી-અનામી તન-મન-ધન સમર્પનારા કર્મવીરો થકી 'ગાંધીયુગ' ઝળહળી રહ્યો છે.

દોસ્તો, આવા જ એક નરરત્ન કે જેમણે એમની માને એ જણાવ્યું નહોતું કે તેઓ દેશના રેલમંત્રી છે. બસ એટલું જ કહેતા કે, 'હું રેલવેમાં નોકરી કરું છું.' એક વખતના એક કાર્યક્રમમાં આવ્યા હતા. ત્યારે એમની મા પૂછતી પૂછતી ત્યાં પહોંચી અને કહ્યું કે, 'મારો દીકરો પણ આવ્યો છે તે પણ રેલવેમાં નોકરી કરે છે.' લોકોએ પૂછ્યું શું નામ છે ? માએ દીકરાનું નામ જણાવ્યું તો બધાં ચોંકી ગયા. અને કહેવા લાગ્યા તે જૂઠ્ઠું બોલે છે. પરંતુ તે મક્કમતાથી બોલી, 'તે આવ્યો છે.' આખરે લોકો એ તે ડોશીને લાલબહાદુર શાસ્ત્રીજીની પાસે લઈ જઈને પૂછ્યું, 'શું આ તમારો દીકરો છે?' ત્યારે પેલા માજીએ કહ્યું, 'હા, તે મારો દીકરો છે.' લોકોએ મંત્રીજીને બતાવીને કહ્યું, 'તે મારી મા છે ?' ત્યારે શાસ્ત્રીજીએ પોતાની માને બોલાવી વાતચીત કરી અને ઘરે રવાના કર્યા. ત્યારબાદ પત્રકારોએ પૂછ્યું, 'તમે અમારી હાજરીમાં કેમ ન મળ્યા?' ત્યારે તે બોલ્યા, 'મારી માને એ ખબર નથી કે હું મંત્રી છું. જો તેને ખબર પડી જાય તો તે લોકોની ભલામણ કરવા લાગે અને મારે માનવું પણ પડે. હું ના ન પાડી શકું... અને તેને અભિમાન પણ આવી જાય.' શાસ્ત્રીજીનો જવાબ સાંભળી સૌ અવાક્ થઈ ગયા.

કયાં ગયા આવા નિ:સ્વાર્થ, સાચા, પ્રમાણિક નેતાઓ...




મિત્રો, ૧૯૦૪ની બીજી ઑક્ટોબરે જન્મેલા લાલબહાદુર શાસ્ત્રીએ 'અદના આદમી' તરીકે દેશસેવા કરી. ત્યાગ, સેવા, સાદગી અને સંયમ તેમની ઓળખ હતી. શાંતિચાહક અડગવીર, નમ્ર - મૂકસેવક, પ્રામાણિકતા, ત્યાગ અને સૌજન્યથી ઓપતું નિર્દંભ વ્યક્તિત્વ... 'જય જવાન જય કિસાન' સૂત્ર વહેતું કરનાર શાસ્ત્રીજીએ ભારત-પાકિસ્તાન વચ્ચેના પહેલા યુદ્ધમાં પોતાની કુનેહ, દૃઢનિશ્ચય, મક્કમતા ભર્યા નિર્ણયનો જગતને પરિચય કરાવ્યો હતો. આવા મહામાનવ લાલબહાદુર શાસ્ત્રીજી યુદ્ધવિરામ બાદ મંત્રણા માટે તાશ્કંદ ગયા અને ત્યાં ૧૧ જાન્યુઆરી, ૧૯૮૬માં ઓચિંતા અવસાન પામ્યા. દેશે મહામૂલુ રત્ન ગુમાવ્યું...

મિત્રો, આજે 'ગાંધીયુગ' આથમી ગયો... ગાંધી વિચારમાં શ્રદ્ધા ધરાવનારા ચાહકો, અંતેવાસીઓ શોધવા મુશ્કેલ થઈ ગયા છે. ત્યારે ગાંધીએ કલ્પેલી પ્રાચીન પરંપરા, ધર્મભાવના, ગ્રામ સ્વરાજની કલ્પના, લોકકલ્યાણની ભાવના એક યા બીજા રૂપે સંમાર્જિત થઈ રાષ્ટ્ર ઘડતર અને સમાજના નવનિર્માણનું ક્રાંતિકારી કાર્ય પૂ. દાદાએ આરંભેલું કાર્ય આજે પણ 'શાંત અને સંગીતમય 'ક્રાંતિ'ના રૂપે અવિરત ચાલતું રહ્યું છે... આ વિચારધારા જો ઊંડા મૂળ નાખી વ્યાપક બનશે તો ભારત જ નહિ સમગ્ર વિશ્વને એજવાળશે એવો આશાવાદ એમાં છે...

પૂ. બાપુની દોઢસોમી જન્મજયંતિ અને પૂજનીય દાદાજીના શતાબ્દિ વર્ષે સુજ્ઞવાચકો યુગપુરુષોના જીવનકાર્યને સમજે... સ્મરે... અનુસરે... મારા વિચારોને શબ્દાંક્તિ કરી કૃતાર્થ થવાની ભાવના સાથે આ ભાવપુષ્પ મહામાનવોને ચરણે ધરું છું !!!

સ્પર્ણમણિ :

પોતાની બેઠક બદલવી તે વિકાસ અને બીજાની બેઠક બદલવી તે ક્રાંતિ. અને ભક્તિની સાચી સમજણથી જ તે સંભવિત છે.

● ● ●

સાચો સ્વાધ્યાયી એટલે... વિચારોમાં ક્રાંતિકારી, સખ્યનો આગ્રહી, અને જ્ઞાનનો પૂજક.

- પૂ. પાંડુરંગ શાસ્ત્રી

● ● ●

સ્વરાજય એટલે ધર્મરાજય. જો ચાલુ રાજયનીતિ બદલી બીજી એવી જ રાજયનીતિ દાખલ કરીએ તો તે સ્વરાજયમાં નહીં ખપે તે વેળા લોકકલ્યાણ નહીં થાય... સ્વરાજય એટલે ગરીબની ભૂખનું નિવારણ, નાગાને ઢાંકવાનું સાધન, પાપનો નાશ કરવાનું હથિયાર.

- મહાત્મા ગાંધી.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949